ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ– કચ્છ. ફોન નં. : ૦૨૮૩૨ – ૨૩૫૦૦૨
Email :- registrar.kskvku@gmail.com Web:http://kskvku.digitaluniversity.ac

રે.ફ.નં./ક.યુ./પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્ષ/૨૦૨૩/ 788 તા:૧૩/૦૪/૨૦૨૩

પ્રતિ,

પ્રો.(ડો.) દર્શનાબેન ધોળકિયા,
અધ્યક્ષાશ્રી,
ગુજરાતી વિભાગ,
કચ્છ યુનિવર્સિટી,
ભુજ.

**વિષય: કચ્છ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ–કચ્છ મિત્ર દ્વારા પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સની શરૂ કરવા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા અંગે.**

**શ્રીમાન,**

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માન.કુલપતિશ્રીની તા.૧૩/૦૪/૨૦૨૩ના રોજની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે કચ્છ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ–કચ્છ મિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ અંગે થયેલ MoU અન્વયે ૫૦ લાખ અનુદાન મળેલ છે. જેના વ્યાજમાંથી પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ આપના વિભાગ દ્વારા શરૂ કરવાનો રહેશે. જે કોર્સ અંગેની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા અને આગળની કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહેશે. આ કોર્સનું સમગ્ર સંચાલન આપના વિભાગ દ્વારા કરવાનું રહેશે.

આભાર સહ.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

**નકલ રવાના: માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.**

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

તા. 17/4 ના રોજ મળેલ

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧.
Email:- registrar.kskvku@gmail.com
ફોન નં. (૦૨૮૩૨) ૨૩૫ ૦૦૨, ફેક્સ નં: ૨૩૫ ૦૧૨
web: kskvku.digitaluniversity.ac

રેફ.નં: ક.યુ./રજી/સં.વિ./સર્ટી. કોર્ષ/મંજૂરી/૨૦૧૮/ ૧૪૮

તા:૦૨/૦૫/૨૦૧૮

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
સંસ્કૃત વિભાગ,
કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

વિષય:– કેરીયર ઓરીયેન્ટેડ પ્રોગ્રામ અંતગર્ત સર્ટીફિકેટ અને ડિપ્લોમાં અભ્યાસક્રમોની મંજૂરી આપવા બાબત.

સંદર્ભ ક્રમાંક –૧:– આપના પત્ર ક્રમાંક રેફ:ક.યુ/રજી./૨૦૧૭, તા:૨૪/૦૭/૨૦૧૭ અન્વયે.
૨:– તા:૧૮/૦૮/૨૦૧૭ની સર્ટીફિકેટ ડિપ્લોમા કોર્ષ સમિતિની નોંધ અન્વયે.
૩:–તા:૨૨/૦૮/૨૦૧૭ની માનનીય કુલપતિશ્રીની નોંધ અન્વયે.
૪:–તા:૨૫/૦૯/૨૦૧૭ની એકેડેમિક કાઉન્સીલના ઠરાવ નં:૨ અન્વયે.

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ દર્શિત ક્રમાંક–૧ દ્વારા આપના અનુસ્નાતક ભવન ખાતે ઓરીયેન્ટેડ પ્રોગ્રામ અંતગર્ત સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાંનાં અભ્યાસક્રમો ચલાવવામાં આવતા હોઇ તે સંબંધે સંદર્ભ દર્શિત ક્રમાંક– ૨ મુજબ આપના અનુસ્નાતક ભવને થયેલ ભલામણોને આધિન અભ્યાસક્રમોને સંદર્ભ દર્શિત ક્રમાંક–૩ની વિગતે થયેલ આદેશાનુસાર જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯થી નીચે જણાવેલ સર્ટીફિકેટ અને ડિપ્લોમા કક્ષાનાં અભ્યાસક્રમોને થયેલ ભલામણ અને શરતોને આધિન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

**ઓરીયેન્ટેડ પ્રોગ્રામ અંતગર્ત સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમોની વિગતો:**

| Sr.No. | Courser Name and Duration | Maximum Total Fees (Rs.) |
|---|---|---|
| 01 | Diploma in Yoga and Naturopathy- 1 Year | 20000/- |
| 02 | Certificate in Jyotish (Elementary)- 6 Month | 4000/- |
| 03 | Certificate in Yoga and Health care- 6 Month | 3925/- |

**NOTE:-1. Industry interaction in the form of MOU and association with Experts can be more useful for students.**
**2. List of the students admitted along with list of faculties/Experts, Syllabus and time table to be submitted on or before Due date.**

**ઓરીયેન્ટેડ પ્રોગ્રામ અંતગર્ત સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમોની શરતો:**

૧. સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમો, સંલગ્ન અભ્યાસક્રમોનાં અધ્યાપન કાર્યના સમય બાદનાં સમય દરમ્યાન ચલાવવાના રહેશે.

૨. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમમાં ચલાવવા સંબંધિત તમામ આવશ્યક સગવડતાઓ, સાધનોની પુરતી વ્યવસ્થા ઉભી કરવાની જવાબદારી આપના વિભાગની રહેશે.

૩. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમોના અધ્યાપન કાર્ય સંબંધે યોગ્ય લાયકાત ધરાવતા આધ્યાપકો / વિષય નિષ્ણાંત/ ટ્રેઇનર / ઇન્સ્ટકટરની નિમણૂંક કરવાની રહેશે અને તેની વિગતો યુનિવર્સિટીને અહેવાલ સાથે રજૂ કરવાની રહેશે.

૪. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમાં ચલાવવા સંબંધિત કોઇ પણ પ્રકારની નાણાકીય કે તેને આનુષાંગિક જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી, સ્વનિર્ભરતાના ધોરણે જ ચલાવવાના રહેશે.

૫. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમો નહી નફા નહી નુકસાનનાં ધોરણે ચલાવવાના રહેશે.

૬. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમો વિદ્યાર્થી પ્રવેશ સંબંધે સરકારશ્રી દ્વારા વખતો વખતના ફેરફાર સાથે નિયત થતાં તમામ નિતિ નિયમોનું પરીપાલન કરવાનું રહેશે તથા તાલીમાર્થીની હાજરી સંબંધિત યોગ્ય કાળજી લેવાની રહેશે અને તે અંગેના આધાર–પુરાવા અહેવાલ સાથે રજૂ કરવાના રહેશે.

૭. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમોની નિયત મર્યાદા પૂર્ણ થયે પરીક્ષાનું આયોજન, પરીક્ષા તથા પરિણામ સંબંધિત તમામ આવશ્યક ગુપ્તતા, શિસ્ત તથા અનુશાસન સાથે પુરે પુરી ગરીમા જળવાય તે રીતે તમામ કામગીરી સંસ્થાએ પૂર્ણ કરી તે સંબંધિત પુરા અભ્યાસક્રમ અન્વયેનો અહેવાલ રજૂ કરવાનો રહેશે.

૮. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમોનાં પરિણામોના જાહેર કરતા પહેલા નિયત કરવામાં આવનાર પધ્ધતિ મુજબ પરિણામ તૈયાર કરી, કુલસચિવશ્રી સમક્ષ જાહેર કરવા સંબંધિત બહાલી મેળવવાની રહેશે તથા આપવામાં આવનાર પરિણામ પત્રો પર સંસ્થાના નામ, યુનિવર્સિટીનું નામ અને લોગો દર્શાવવાના રહેશે અને વિભાગના અધ્યક્ષશ્રીની સહી સાથે કુલસચિવશ્રીની સહી પણ કરવાની રહેશે. પરિણામ પત્રનો નમૂનો તૈયાર કરી યુનિવર્સિટીમાં માન્ય કરવાનો રહેશે.

૯. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમોના સિલેબસ સમિતિ દ્વારા તૈયાર કરેલ અને માન્ય રાખેલ તે અમલમાં રાખવાનો રહેશે.

૧૦. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમો, COP નાં નેજા હેઠળ ચલાવવામાં આવનાર હોઇ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન–દિલ્લી દ્વારા COP સંબંધિત નિયત કરાયેલ માર્ગદર્શન સૂચનો પણ લાગુ પડશે.

૧૧. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન ચલાવવા માટે જ મંજૂરી આપવામાં આવે છે.

૧૨. સદર સર્ટીફિકેટ અને ડિપ્લોમાં કક્ષાનાં અભ્યાસક્રમો ચલાવવા સંબંધિત તમામ દસ્તાવેજોનું યોગ્ય રીતે દસ્તાવેજીકરણ કરવાનું રહેશે અને જરૂર જણાયે યુનિવર્સિટીના પદાધિકારીઓ સંબંધિત તાલીમ કેન્દ્રની રૂબરૂ મુલાકાત લઇ યોગ્ય ચકાસણી કરી શકશે.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

# <u>મીટીગનોંધ</u>

તા. ૦૧/૦૬/૨૦૨૩ના કચ્છ યુનિવર્સિટીના ડો. દર્શના ધોળકીયા, કો–ઓર્ડિનેટર, સર્ટીફિકેટ કોર્ષ ઇન જર્નાલિઝમ અને તંત્રીશ્રી કચ્છમિત્ર તથા શ્રી દિપકભાઇ માંકડ–તંત્રીશ્રી, શ્રી નિખિલભાઇ પંડયા–પત્રકાર, શ્રી મુકેશભાઇ ધોળકીયા, કચ્છમિત્ર સાથે આ કોર્ષ સંદર્ભે મીટીગ ગોઠવવામાં આવેલ. આ મીટીગ કચ્છ યુનિવર્સિટીના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવેલ. જેમાં આ કાર્ષ અંગેના નીતિ નિયમો અંગે ચર્ચા કરવામાં આવેલ. જેમાં નીચે મુજબના ઠરાવ કરવામાં આવેલ.

- ➢ આ કાર્ષમાં પ્રવેશ લાયકાત સ્નાતક તથા સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૦% રાખવા.
- ➢ આ કોર્ષની ફી રૂ. ૫૦૦૦/– રાખવી (પ્રવેશ, પરીક્ષા, પ્રેકટીકલ તથા અન્ય ફી સહિત)
- ➢ આ કોર્ષમાં થીયરી અને પ્રેકટીકલ ૫૦% + ૫૦% રાખવું.
- ➢ દર મહિને બહારથી એકસપર્ટ લેકચર રાખવું.
- ➢ આ સર્ટીફિકેટ કોર્ષની અવધી ૬(છ) મહિના રાખવી.
- ➢ પ્રેકટીકલ માટે કચ્છમિત્ર વ્યવસ્થા કરશે.
- ➢ થીયરી કલાસ યુનિવર્સિટી ખાતે રહેશે.
- ➢ આ કાર્ષ ૧૫/૦૭/૨૦૨૩ થી શરૂ કરવાનો રહેશે.
- ➢ અરજી ફોર્મ કચ્છ યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવું
- ➢ અરજી ફોર્મ તા.૦૬/૦૭/૨૦૨૩ થી તા.૨૦/૦૭/૨૦૨૩ સ્વીકારવાના રહેશે.

- કો–ઓર્ડિનેટર, પ્રત્રકારિત્વ સર્ટીફિકેટ કોર્ષ – ..........................
- શ્રી દિપકભાઇ માંકડ–તંત્રીશ્રી,કચ્છમિત્ર – ..........................
- શ્રી નિખિલભાઇ પંડયા, પત્રકાર,કચ્છમિત્ર – ..........................
- શ્રી મુકેશભાઇ ધોળકીયા, પત્રકાર,કચ્છમિત્ર – ..........................

# મીટીગનોધ

તા. ૦૩/૦૬/૨૦૨૩ ના કચ્છ યુનિવર્સિટીના ડો. દર્શના ધોળકીયા, કો–ઓર્ડિનેટર, સર્ટીફિકેટ કોર્ષ ઇન જર્નાલિઝમ અને શ્રી દિપકભાઇ માંકડ–તંત્રીશ્રી,કચ્છમિત્ર, શ્રી શૈલેશભાઇ કંસારા, મેનેજર,કચ્છમિત્ર અને શ્રી દિવ્યેશભાઇ વૈધ,પત્રકાર કચ્છમિત્ર સાથે આ કોર્ષ ના સિલેબસ સંદર્ભે મીટીગ ગોઠવવામાં આવેલ. આ મીટીગ કચ્છમિત્રના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવેલ. જેમાં સિલેબસ બનાવવા અંગે તથા પ્રકરણ મુજબ ગોઠવણી કરવામાં આવેલ. આ સાથે આ કોર્ષના કો–ઓર્ડિનેટર અને વહીવટી સહાયક માટેનું મહેનતાણું નકકી કરવાની જોગવાઇ કરવામાં આવેલ. સિલેબસની નકલ આ સાથે સામેલ છે.

- કો–ઓર્ડિનેટર, પ્રત્રકારિત્વ સર્ટીફિકેટ કોર્ષ – ..............................
- શ્રી દિપકભાઇ માંકડ–તંત્રીશ્રી,કચ્છમિત્ર – ..............................
- શ્રી શૈલેશભાઇ કંસારા, મેનેજર,કચ્છમિત્ર – ..............................
- શ્રી દિવ્યેશભાઇ વૈધ, પત્રકાર કચ્છમિત્ર – ..............................

# સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ અંગે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ

ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી તથા સૌરાષ્ટ્ર ટ્રસ્ટની માલિકીના જન્મભૂમિ જૂથના પત્ર કચ્છમિત્ર દ્વારા આ કરાર કરવામાં આવે છે.

૧. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-મુંબઇ દ્વારા સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ 'ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી'માં (હવેથી કચ્છ યુનિવર્સિટી તરીકે દર્શાવમમાં આવશે) શરૂ કરવા અંગે દરખાસ્ત કરેલ અને રજિસ્ટ્રાર સાથે થયેલ મિટિંગમાં ચર્ચા મુજબ નીચે મુજબની વિગતે આ કોર્સ શરૂ કરવા કચ્છ યુનિવર્સિટી તેમના પત્રાંક રેફ. નં./ક.યુ./સર્ટિફિકેટ કોર્સ/દરખાસ્ત/૨૦૨૩/૪૮૮ તા. ૧૫-૩-૨૦૨૩ દ્વારા સહમતી આપવામાં આવેલ છે.

૨. કચ્છ યુનિવર્સિટી દ્વારા સ્તાનક થયા બાદના વિદ્યાર્થીઓ માટે ૬ માસનો સર્ટિફિકેટ કોર્સ નવા શૈક્ષણિક સથ ૨૦૨૩-૨૪ એટલે કે જૂન-૨૦૨૩થી કોઇ પણ ભાષાના ભવન સાથે સંલગ્ન કરી, એટલે કે ગુજરાતી અથવા અંગ્રેજી ભાષાના ભવન સાથે સંલગ્ન કરી તે-તે વિભાગમાં આ ૬ માસનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવશે.

૩. સદર કોર્સ 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ' તરીકે નામાભિધાન કરાશે અને ભવિષ્યમાં તે નામથી જ ચલાવવામાં આવશે. નામમાં યુનિવર્સિટી સત્તાવાળાઓ ભવિષ્યમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટની લેખિત મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકશે નહીં.

૪. આ કોર્સ કોઇ પણ શાખાના સ્નાતક થયા પછીના વિદ્યાર્થીઓ માટે જ રહેશે.

૫. આ કોર્સ શરૂ કરવા, તેને ચલાવવા, વિદ્યાર્થીઓ મેળવવા, તેના પાસેથી ફી વસૂલ કરવા, તે માટે જરૂરી સ્ટાફ ફાળવવા, કોર્સના ક્લાસીસ માટે જગ્યા ફાળવવા, કોર્સ ચલાવવા, વિદ્યાર્થીઓને શિક્ષણ આપનાર માટે અધ્યાપક કે વ્યાખ્યાતાની વ્યવસ્થા કરવા, ફાળવેલ સ્ટાફ, વ્યાખ્યાતાઓને મહેનતાણું આપવા, ક્લાસીસનું સંચાલન કરવા, પરીક્ષાની તારીખો નક્કી કરવા, પ્રશ્નપેપર તૈયાર કરવા, પરીક્ષાનું સંચાલન કરી પરિણામ આપવા, ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ થયા અંગેનું કચ્છ યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર આપવાની સંપૂર્ણ જવાબદારી કચ્છ યુનિવર્સિટીએ નિભાવવાની રહેશે.

૬. આ કોર્સ માટે ૩૦ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે તેવું પ્રાથમિક રીતે નક્કી થયેલું છે. વધુ સંખ્યા યુનિ. નક્કી કરશે. સદર કોર્સની ફી યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવશે અને તે અંગેની પહોંચ પણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

૭. આ કોર્સ ચલાવવા માટે થનાર વહીવટી ખર્ચનો ૫૦% હિસ્સો કચ્છ યુનિવર્સિટી ભોગવશે. જ્યારે બાકી ૫૦% હિસ્સો સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા અનુદાનિત કરવામાં આવેલ 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ' નામના ફંડના વ્યાજમાંથી દર માસે કરવાનો રહેશે. કોઇ સંજોગોમાં આ વ્યાજમાંથી

(પાછળ)

૫૦% ખર્ચને પહોંચી ન વળાય તો બાકીના ખર્ચની વ્યવસ્થા યુનિવર્સિટીને સ્વભંડોળ અથવા ફી વધારો કરીને મેળવવાની રહેશે. આવા સંજોગોમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વધારાનું કોર્પસ ફંડ ફાળવશે નહીં.

૯. કચ્છ યુનિવર્સિટી આ આપવામાં આવેલ કોર્પસ ફંડની મૂળ રકમમાંથી પોતાના ખર્ચ માટે રકમ ઉપાડી શકશે નહીં. કોઇપણ સંજોગોમાં આ ફંડની રાષ્ટ્રીયકૃત બેંકમાંથી કરાવવામાં આવેલ ફિકસ્ડ ડિપોઝિટ તોડવામાં આવશે નહીં કે બેઝિક રકમ કોઇપણ હેતુ માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટની લેખિત' મંજૂરી વિના ઉપયોગ કરી શકશે નહીં.

૧૦. કચ્છ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વચ્ચે આ 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્ર સર્ટિફિકેટ કોર્સ' માટેનો કરાર કરવામાં આવેલ છે. આ કરારમાં કોઇ શરતો / અધિકાર રહી હોય અને વિવાદ ઉત્પન્ન થાય તો ભારતીય કરારનો કાયદો તથા પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટની જોગવાઇને અનુસરવાનું રહેશે.

૧૧. કચ્છ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓએ એડમિશન લીધું અને આ કોર્સમાં કેટલા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા તેની માહિતી સૌરાષ્ટ્ર ટ્રસ્ટને આપવાની રહેશે.

૧૨. પ્રવર્તમાન સમય/ નિયમ અનુસાર આ કોર્સ શરૂ કરવા માટે કચ્છ યુનિવર્સિટી સત્તાવાળાઓએ જે-જે કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા કરવાની હોય તે તમામ નિયમિત નિયમાનુસાર કચ્છ યુનિવર્સિટીએ પૂર્ણ કરી તે મુજબ કોર્સ ચલાવવાનો રહેશે.

૧૩. આ કોર્સમાં એડમિશન માટે ડોનરની ત્રણ સીટ અનામત રાખવાની રહેશે, જે માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્રની અધિકૃત વ્યક્તિની ભલામણ પત્રના આધારે આપવાની રહેશે.

૧૪. કોઇ પણ વિવાદ માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-મુબંઇ રહેશે.

આ કોર્સ બાબતે જરૂર પડ્યા કચ્છમિત્રના સ્થાનિક-વહીવટી અધિકૃત અધિકારી સાથે સમયાંતરે પરામર્શ કરવાનો રહેશે.

આ કોર્સના સર્ટિફિકેટ વિતરણ / પ્રોસિજર સમયે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કચ્છમિત્રના પ્રતિનિધિને હાજર રાખવાના રહેશે.

ભુજ, તા. ૨૩-૩-૨૦૨૩

(સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી અધિકૃત અધિકારી)

(વાઇસ ચાન્સેલર-કચ્છ યુનિવર્સિટી)

(સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી અધિકૃત અધિકારી)

રજિસ્ટ્રાર,
(કચ્છ યુનિવર્સિટી)

KUTCHMITRA BHUJ

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

Krantiguru Shyamji Krishna Verma

# KACHCHH UNIVERSITY

&

# SAURASHTRA TRUST, JANMABHOOMI KUTCHMITRA(BHUJ)

## Course Detail

## CERTIFICATE COURSE IN JOURNALISM

### As Per National Education Policy - 2020

## Year : 2023-24

CO-ORDINATOR

REGISTRAR

# કે.એસ.કે.વી .કચ્છ યુનિવર્સિટી,ભુજ
# સૌરાષ્ટ્ર ટ્રસ્ટ ,જન્મભૂમિ – કચ્છમિત્રનાં
# સંયુક્ત ઉપક્રમે સંચાલિત

## "સર્ટીફિકેટ કોર્ષ ઇન જર્નાલીસમ"

- મુદત : છ મહિના ( એક બેચની અવધી)
- પ્રવેશ લાયકાત: સ્નાતક પરીક્ષા પાસ જરૂરી
  (ઓછામાં ઓછા ૫૦% અને વખતોવખતનાં ફેરફાર થતાં રહેશે.)
- પ્રવેશ પ્રક્રિયા : કોર્ષના પ્રારંભે સંયોજક દ્વારા પ્રતિ સત્ર સુચના, ફોર્મ, જાહેરાત કચ્છ યુનીવર્સીટીની વેબસાઈટ મુકવામાં આવશે. સ્નાતકની ટકાવારીના આધારે મેરીટ અનુસાર અને કચ્છ યુનીવર્સીટીના નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવશે.
- કોર્ષ ફી ધોરણ : ૫૦૦૦/-(અંકે રૂ.પાંચ હજાર) પ્રવેશ,પરીક્ષા,પ્રેકટીકલ તથા અન્ય ફી સહિત
- આ સંપૂર્ણ કોર્ષ દરમ્યાન થીયરી ક્લાસ અને પ્રેક્ટીકલ/ઇન્ટર્નશીપમાં ૮૦% હાજરી અનિવાર્ય રહશે.
- ઉતીર્ણ થવામાં માટે થીયરી અને પ્રેક્ટીકલ/ઇન્ટર્નશીપમાં સરકારશ્રી/કચ્છ યુનીવર્સીટીનાં નિયમાનુસાર ઉતીર્ણ થવું જરૂરી રહેશે.
- આ સર્ટીફીકેટ કોર્ષમાં ઉતીર્ણ થનારને જ કચ્છ યુનીવર્સીટી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

**સર્ટીફિકેટ કોર્ષનો હેતુ :**

- વ્યાપક બનતા પત્રકારત્વમાં કચ્છ વિસ્તાર નાં વિદ્યાર્થીઓને ઉપયોગી.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતી૨૦૨૦ અંતર્ગત ઉપયોગી કોર્ષ.
- મૌલિક લેખન અને પ્રેક્ટીકલ થી અભિવ્યક્તિમાં વધારો.

**સર્ટીફિકેટ કોર્ષના ફાયદા :**

- પ્રિન્ટ અને ઇલોક્ટ્રોનિક માધ્યમોમાં નોકરીની તકો .
- કોર્પોરેટ કંપનીમાં .ની તકો WORK.R.P
- .માટે જરૂરી બનશે SKILL COMMUNICATION

# : માળખુ :

| પેપર કોડ | પેપરનું નામ | કુલ કલાકો | પરીક્ષા (બાહ્ય + આંતરીક) | ક્રેડીટ |
|---|---|---|---|---|
| CCJ - 101 | Introduction to Journalism | ૬૦ | ૫૦ + ૫૦ = ૧૦૦ | ૪ |

| પેપર કોડ | પેપરનું નામ | કુલ કલાકો | પ્રેકટિકલ | ક્રેડીટ |
|---|---|---|---|---|
| CCJ - 102 | Practical/Internship of Journalism | ૬૦ | ૧૦૦ | ૪ |
| કુલ (પરીક્ષા + પ્રેકટિકલ/ઇન્ટર્નશીપ) | | ૧૨૦ | ૨૦૦ | ૮ |

## લેખિત પરીક્ષા પ્રશ્નપ્રત્રનું માળખું

કુલ ગુણ : ૫૦ (પચાસ) સમય : ૦૨:૦૦ કલાક

| પ્રશ્ન ક્રમાંક | પ્રકરણ | પ્રશ્નનો પ્રકાર | ગુણભાર |
|---|---|---|---|
| ૦૧ | ૧ | ટુંકનોંધ લખો (કોઇપણ બે માંથી ૧) | ૧૦ |
| ૦૨ | ૨ | ટુંકનોંધ લખો (કોઇપણ બે માંથી ૧) | ૧૦ |
| ૦૩ | ૩ | ટુંકનોંધ લખો (કોઇપણ બે માંથી ૧) | ૧૦ |
| ૦૪ | ૪ | ટુંકનોંધ લખો (કોઇપણ બે માંથી ૧) | ૧૦ |
| ૦૫ | ૧ થી ૪ | એક વાક્યના પ્રશ્નો / ખાલી જગ્યા/ ખરા ખોટાં / જોડકાં / અન્ય (૧૨ માંથી ૧૦) | ૧૦ |

➢ **ઇન્ટરનલ માર્કસ :** હાજરી, જુથ ચર્ચા, મૈખિક પરીક્ષા, અસાઇનમેન્ટ જેવા મુદા રહેશે. જેના ૫૦(પચાસ) ગુણભાર રહેશે.

# : વિસ્તૃત અભ્યાસક્રમ :

## પ્રકરણ ૧ :

### પત્રકારત્વ, માધ્યમો અને પત્રકારત્વ પ્રકાર અને ફરજ

- પત્રકારત્વ પરિચય, ઉદ્ભવ, પત્રકારત્વ અને સમાજ, દેશ - દુનિયાના સાંપ્રત પ્રવાહો, વર્તમાન ગુજરાતી પત્રકારત્વ.
- પત્રકારત્વ અને સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય રાજકારણ.
- પરિચય, માધ્યમો .પ્રભાવ / અસર - નું મહત્ત્વ(મીડિયા)
- પત્રકારત્વમાં ડેસ્ક, ક્રાઇમ રિપોર્ટિંગ, વ્યાપાર રિપોર્ટિંગ, અગ્રલેખનું મહત્ત્વ.
- પ્રસિદ્ધ રાષ્ટ્રીય દૈનિકો, વાંચનનું મહત્ત્વ.
- પ્રેસ મીડિયા લો અને ભારતીય બંધારણ .
- મીડિયા સિદ્ધાંત .ગોપનીયતા -

## પ્રકરણ ૨ :

### માધ્યમોના પ્રકાર -નવાં માધ્યમો

- પ્રિન્ટ, ટી.વી., રેડિયો, ડિજિટલ ઓનલાઇન મીડિયા.
- પ્રસિદ્ધ ચેનલો, ટી.પ્રભાવ-ડિજિટલ તફાવત-.વી.
- ફોટો જર્નાલિઝમ ભૂમિકા -, તસવીર કળા, કેમેરાની ખૂબીઓ.
- સોશિયલ મીડિયા અને પત્રકારત્વ, તેના ફાયદા.ગેરફાયદા-

## પ્રકરણ 3 :

### પત્રકારત્વ અને લેખન કૌશલ્ય

- સમાચાર અર્થ ઝડપી સાહિત્ય -, 'ઇન્વર્ટેડ પીરામિડ'.
- પ્રિન્ટ મીડિયામાં સમાચારનું સ્વરૂપ, ઇન્ટ્રો એટલે શું ?
- સમાચારોનાં વિવિધ સ્રોત, સમાચાર પસંદગી કળા.
- રિપોર્ટિંગ .(હેવાલ લેખન-સમાચાર)
- પ્રૂફ રીડીંગ.

- એડિટિંગ (સમાચાર સંપાદન), પ્રેસ યાદી.
- પેઇજ લે આઉટ-| ડિઝાઇન.
- લેખ, કટાર લેખન.
- અનુવાદ કળા, અંગ્રેજી.હિન્દીથી ગુજરાતી-
- ભાષા કૌશલ્ય, વ્યાકરણ પ્રાથમિક જ્ઞાન .d કોમ્પ્યુટર જ્ઞાન અને ગુજરાતી ટાઇપિંગ.

## પ્રકરણ ૪ :

### માસ કોમ્યુનિકેશન અને વ્યવસ્થાપન

- માસ કોમ્યુનિકેશન (સંચાર/સમૂહ પ્રત્યાયન), માસ કોમ્યુનિકેશનના પ્રકાર અને સિદ્ધાંતો સાત 'સી'
- પબ્લિક રિલેશન.જનસંપર્ક-
- પ્રિન્ટ મીડિયામાં તંત્રી અને મેનેજરની ભૂમિકા અને મહત્ત્વ.
- જાહેરખબર એટલે શું ?
- મીડિયા વ્યવસ્થાપન.

## પ્રકરણ ૫ :

### પ્રેક્ટીકલ / પ્રોજેક્ટ | ઇન્ટર્નશિપ તાલીમ

- વાસ્તવિક સમાચાર સંપાદન.
- પ્રેસ યાદી લેખન.
- પ્રૂફ રીડીગ.
- વાસ્તવિક રિપોર્ટિંગ તાલીમ.